# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 16-05-2024** **બપોરે : 2.30 થી 2.35**

**વાર : ગુરૂવાર**

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી  સમાચાર પૂરા થયા)

# weather

હવામાન વિભાગે આજે અમદાવાદ, આણંદ સહિતનાં કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. આ સાથે ચોમાસા દરમિયાન વાવાઝોડુ, ભારે વરસાદ અને પૂર જેવી કુદરતીઆપત્તિનો સામનો કરવા, આગોતરી તૈયારી કરવા અને જોખમ ઘટાડવા માટેના આગોતરા આયોજનના ભાગરૂપે વિવિધ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રિ મોન્સુન બેઠકો યોજાઈ હતી. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-મોન્સુન બેઠક યોજાઇ હતી. રાજ્યમાં ભર ઉનાળાની ઋતુ ચાલુ રહી છેત્યારે દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદને પગલે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે.

ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સતત ચોથા દિવસે પણ ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડતા ડાંગી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. વઘઇ તાલુકાનાં ભાલખેત ટેકપાડા ગામે ભારે પવન ફૂંકાતા આંતરીક માર્ગ પર વૃક્ષ ધરાશયી થઈ પડી જતા માર્ગ અવરોધાયો હતો.  તો તાપી જિલ્લાના નિઝર તાલુકામાં બુધવારા મોડીસાથે વાવાઝોડું આવ્યું હતું. તાલુકાના વાકા ગામે કેટલાંક ઘરોના પતરા ઉડ્યા હતા. ભારે પવનને પગલે વીજળીનો થાંભલો તૂટી પડતા કલાકો સુધી વીજપુરવઠો બંધ રહ્યો હતો.

સૌરાષ્ટ્રની વાત કરીએ તો, સોમવારે કમોસમી વરસાદે અમરેલી અને સાવરકુંડલાને ધમરોળ્યાં બાદ ગઈકાલે સાંજે બાબરામા મીની વાવાઝોડુ કુંકાયુ હતુ. જેના કારણે શહેરમા ભારે તારાજી સર્જાઇ હતી. મહત્તમ 80 કિલોમીટરની ઝડપે પવન કુંકાતા 150થી વધુ વૃક્ષો, 100થી વધુ વીજળીના થાંભલા , હોર્ડિંગ્સ અને દિવાલો ધરાશાયી થઇ હતી.

અમરાપરામા આવેલી ગૌશાળાના શેડના પતરા ઉડીને એક કિલોમીટર દુર જઇને પડયા હતા. જીવનપરામા આવેલી ખેતી બેંકની દિવાલ પડી ગઇ હતી. દરમિયાન ,કચ્છ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની આગાહી હોઈ ખેડૂતોને પાક બગડે નહીં તે માટે હવામાન વિભાગે તકેદારી રાખવા અનુરોધ કર્યો છે.

દરમિયાન, ચોમાસા પૂર્વેની તૈયારીઓના ભાગરુપે અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત કરવાની થતી કામગીરીઓના આયોજન અને જરુરી વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ પ્રી-મોનસુન કામગીરી અંગેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આ અંગે વધુ માહિતી આપી હતી

(બાઇટ)

# Control room will bestarted.

મહેસાણા જિલ્લામાં તાલુકા પ્રમાણે આગામી પહેલી જૂનથી ડિઝાસ્ટર કન્ટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે. આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત પુર અને રાહતની કામગીરીને પહોંચી વળવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સાથે મહેસાણા જીલ્લા કલેકટર ની અધ્યક્ષતામાં 22મીએ તમામ વિભાગના અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં પ્રિ-મોન્સૂન પ્લાન સહિતના મુદ્દાઓ પર ચર્ચાઓ થશે. ઉપરાંત ચોમાસા અગાઉ જોખમી વૃક્ષ અને હોડીગ્સ ઉતારી લેવા તાકીદ કરાઈ છે.

# NATIONAL DENGUE DAY

આજે 16મી મે રાષ્ટ્રીય ડેન્ગ્યૂ દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષનો વિષય 'ડેન્ગ્યુ નિવારણ: સુરક્ષિત આવતીકાલ આપણી જવાબદારી' છે. ડેન્ગ્યૂ દિવસ નિમિત્તે દેશભરની સાથે રાજ્યમાં પણ વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાઈ રહ્યું છે. મહત્વ પૂર્ણ છે કે, આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વાતાવરણમાં ફેરફારના કારણે ડેન્ગ્યુના કેસ વધારે થવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે..

# MOU Rajkot Municipal Corporation and CEPT University

રાજકોટ મહાનગરપાલિકા અને CEPT યુનિવર્સિટીના સહયોગથી રાજકોટમાં સેન્ટર ફોર એક્સેલન્સ સ્થાપવામાં આવશે. CEPT યુનિવર્સિટીના વડા ડૉ.બરજોર મહેતા, ડીન ડૉ. મોના ઐય્યર અને પ્રો.શાશ્વત બંદોપાધ્યાએ તાજેતરમાં જ રાજકોટ મહાનગરપાલિકા ખાતે મ્યુનિ. કમિશનર આનંદ પટેલની મુલાકાત લીધી હતી.

આ બેઠકમાં સેન્ટર ફોર એક્સેલન્સ કાર્યરત્ત કરવા બાબતે ગહન વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. આગામી મહિનામાં આ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા અને CEPT યુનિવર્સિટી વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. કરાર થવાથી શહેરી વિકાસની પ્રક્રિયામાં સેન્ટર ફોર એક્સેલન્સ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

# SSC-HSC

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના જણાવ્યા અનુસાર ધોરણ 10 અને ધોરણ 12માં જે વિદ્યાર્થીઓ એક કે બે વિષયમાં ગેરહાજર રહ્યા હોય અથવા નાપાસ થયા હોય તે પૂરક પરિક્ષામાં હાજર રહી શકે છે.

પૂરક પરીક્ષા 2024 માટેની અરજી શાળાઓએ બોર્ડની સતાવાર વેબસાઈટ WWW.GSEB.ORG પર ઓનલાઈન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ઓનલાઈન માધ્યમથી કરવાની રહેશે. ઉલ્લેખનીય છે કે પૂરક પરીક્ષા માટેની અરજી 22મી મે સુધી ઓનલાઈન કરી શકાશે..

# Scout Guide

ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓ વેકેશન  દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જીવન ઘડતરના પાઠ ભણશે.  હાલ બાળકોને વેકેશન ચાલતું હોઈ સમયનો સદ્દ્પયોગ અને કશુંક નવું શીખવાની તમન્ના સાથે વેકેશનની પ્રવૃત્તિ કરાવવામાં આવી રહી છે. જેમાં ભાવનગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ,  સ્કાઉટ ગાઈડ અને રોવર રેંજરને આંગણામાં નાના ફુલ છોડના રોપા વાવી ઉછેરવા, પુસ્તકને પુઠા ચડાવવા, સોય દોરાથી ટાંકા કામ,  ભાવનગરની હેરિટેજ જગ્યાએ મુલાકાત વગેરે જેવી પ્રવૃત્તિ કરાઇ હતી.

આ ઉપરાંત બસ્સો થી વધારે સ્કાઉટ ગાઈડના વિધાર્થીઓને  ચકલીનાં માળા આપીને યોગ્ય જગ્યાએ લગાવી તેનું જતન કરવું અને પાણીનાં કુંડા મુકી નીયમીત તેને ભરવા  જેવા કાર્યોનું  માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.................